# ટેક્સ (કરવેરા) વિશે વારંવાર પૂછવામાં આવતા - શ્નો
# Frequently asked questions about tax

આ માહિતી ઈંગ્લેન્ડ, વેલ્સ, સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ડમાં લાગુ પડે છે.

શું મારે ટેક્સ રીટર્ન મોકલવાની જરૂર છે? હું તે કેવી રીતે કરું? 2

હવે મારી ઉંમર 65 વર્ષ કરતાં વધારે છે, શું તો પણ મારે ટેક્સ ભરવો પડશે? 3



Copyright © 2002-2007 Citizens Advice All rights reserved

Registered charity no: 279057 Company no: 1436945 England

## શું મારે ટેક્સ રીટર્ન મોકલવાની જરૂર છે? તે હું કેવી રીતે કરું?

જો તમે કોઈ એમ્પ્લોયર (માલિક) માટે કામ કરતાં હો, જેઓ 'પેયી' (પે એઝ યુ અર્ન - તમે જેટલું કમાવ તે મુજબ ચૂકવો) ટેક્સ (કરવેરો) અને નેશનલ ઈન્શ્યોરન્સ માટેના પૈસા તમારા નિયમિત પગારમાંથી કાપતાં હોય, અને જો તમારી બીજી કોઈ આવક ન હોય, તો સામાન્ય રીતે તમારે ટેક્સ રીટર્ન ભરવાની જરુર નથી.

જો તમે સેલ્ફ એમ્પ્લોઈડ (સ્વ-રોજગારી), કંપનીના ડાયરેક્ટર અથવા કોઈ ધંધામાં ભાગીદાર હો અથવા તમારી એવી કોઈ આવક હોય જેના પર પહેલેથી ટેક્સ લાગુ પાડેલો ન હોય, દાખલા તરીકે કશાકનું ભાડું આવતું હોય તેની આવક, તો તમારે સેલ્ફ અસેસમેન્ટ ટેક્સ રીટર્ન ફોર્મ ભરવાની જરુર પડશે.

જે લોકોએ ટેક્સ રીટર્ન ભરવું આવશ્યક હોય તેવાં લોકોની સંપૂર્ણ યાદી ડાઈરેક્ટગવની આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે www.direct.gov.uk [http://www.direct.gov.uk/en/MoneyTaxAndBenefits/Taxes/SelfAssessmentYourTaxReturn/DG_4017116] અથવા નોર્ધન આયરલેન્ડમાં એન.આઈ.ડાઈરેક્ટની આ વેબસાઈટ પરથી મળી શકે છે www.nidirect.gov.uk [http://www.nidirect.gov.uk/index/money-tax-and-benefits/taxes/self-assessment-your-tax-return/do-you-need-to-complete-a-tax-return.htm]

જો એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ (HMRC) વિભાગને લાગે કે તમારી કોઈ એવી આવક છે કે જેની ઉપર સેલ્ફ અસેસમેન્ટ હેઠળ ટેક્સ ભરવો જરુરી છે તો, તેઓ તમને ભરવા માટે એક ટેક્સ રીટર્ન મોકલશે. પરંતુ જો તમને લાગતું હોય કે તમારી એવી કોઈ આવક છે જેની ઉપર તમારે ટેક્સ ભરવો જોઈએ તો HMRC ને તે કહેવાની જવાબદારી *તમારી* છે.

તમે ટેક્સ રીટર્ન ઓનલાઈન અથવા કાગળ પર ભરી શકો છો. જો તમને કાગળ પરનું ટેક્સ રીટર્ન ન મળ્યું હોય અથવા ઓનલાઈન રીટર્ન ભરવાની સૂચના ન મળી હોય અને તમને લાગે કે તમારે તે ભરવું જરૂરી છે, તો તમારી ટેક્સ ઓફિસનો સંપર્ક કરો અથવા HMRC ની સેલ્ફ અસેસમેન્ટ હેલ્પલાઈનને 0845 900 0444 પર ફોન કરો.

જો તમે કાગળ પર ટેક્સ રીટર્ન ઓનલાઈન ભરો તો, તમારે તે ટેક્સ વર્ષ પૂરું થયા પછીની 31મી ઓક્ટોબર સુધીમાં HMRC ને આ ફોર્મ મોકલી આપવું જરૂરી છે.

જો તમે તમારું ટેક્સ રીટર્ન ઓનલાઈન ભરતાં હો તો આ તમારે તે ટેક્સ વર્ષ પૂરું થયા પછીની 31મી જાન્યુઆરી સુધીમાં ભરી દેવું જરૂરી છે.

જો તમે આપવામાં આવેલી આખરી તારીખ સુધીમાં ફોર્મ નહિ ભરો તો, તમારા પર દંડ (પેનલ્ટી) લગાડવામાં આવશે.



Copyright © 2002-2007 Citizens Advice All rights reserved

Registered charity no: 279057 Company no: 1436945 England

## હવે મારી ઉંમર 65 વર્ષ કરતાં વધારે છે, શું તો મારે પણ ટેક્સ ભરવો પડશે?

તમે જ્યારે 65 વર્ષથી વધારે ઉંમરનાં હો, ત્યારે પણ તમારી આવક ઉપર તમારે ટેક્સ ભરવો પડે છે, પણ તમારું કરમુક્ત ભથ્થું - ટેક્સ ફ્રી અલાવન્સ 65 વર્ષની ઉંમર પહેલાં મળતું હશે તેના કરતાં વધારે મળશે. ટેક્સ ભરવો પડે તેવી તમારી આવકમાં જો તમને મળતું હોય તો તમારા ઓક્યુપેશનલ પેન્શન અથવા અંગત પેન્શનનો સમાવેશ થાય છે. સોશિયલ સિક્યોરિટીના અમુક બેનિફિટો ઉપર પણ ટેક્સ ભરવો પડે છે, દાખલા તરીકે, તમારું નિવૃત્તિનું પેન્શન. તમને કદાચ તમારી બચત ઉપર મળતા વ્યાજ કે શેરોમાંથી, તમારી માલિકીના તમે કદાચ ભાડે આપેલા મકાનના ભાડામાંથી કે તમે કોઈ કામ કરી રહ્યાં હો તો તે માટેના પગારમાંથી પણ આવક થતી હોય તેવું બની શકે.

જો તમારી  આવક ટેક્સ પાત્ર હોય તેવી એક માત્ર આવક તમારું બેઝિક દરનું નિવૃત્તિનું સ્ટેટ (સરકારી) પેન્શન જ હોય (ધીમે ધીમે એકઠા કરેલા કે વધારાના પેન્શનને બાદ કરતાં), તો તમારે કોઈ ટેક્સ નહિ ભરવો પડે. આનું કારણ એ છે કે, તમારું કરમુક્ત ભથ્થું તમારા બેઝિક પેન્શન કરતાં વધારે હશે.

જો તમે ફૂલ ટાઈમ કે પાર્ટ ટાઈમ કામ કરતાં હો, તો તમારી આવક ઉપર 'પેયી' પદ્ધતિ અનુસાર ટેક્સ લેવામાં આવશે. તમારી બીજી કોઈ પણ ટેક્સ પાત્ર આવક, દાખલા તરીકે, નિવૃત્તિ માટેના સ્ટેટ પેન્શન ઉપર ભરવાનો ટેક્સ 'પેયી' પદ્ધતિ હેઠળ તમારા પગારમાંથી કાપી લેવામાં આવશે.

તમને કદાચ સેલ્ફ અસેસમેન્ટ માટેનું  ટેક્સ રીટર્ન ફોર્મ મોકલવામાં આવશે. જો તમને ફોર્મ મોકલવામાં ન આવ્યું હોય અને તમને ટેક્સ પાત્ર હોય તેવી કોઈ આવક થતી હોય, તો તમને ફોર્મ મોકલી આપવા માટે એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સને જાણ કરવાની જવાબદારી તમારી છે.

જો તમારી પાસે કોઈ બચત હોય, તો તેનું વ્યાજ તમને મળે તે પહેલાં સામાન્ય રીતે તેમાંથી ટેક્સ કાપી લેવામાં આવે છે. જો તમારી આવક ઓછી હોય, તો તમારી બચત ઉપર ભરવામાં આવેલો ટેક્સ પાછો મેળવવાનો તમે કદાચ દાવો કરી શકો. તમારી બચત ઉપર તમે ચૂકવેલો વધારાનો ટેક્સ પાછો મેળવવા માટેનો દાવો કરવા વિશે વધારે માહિતી મેળવવા માટે તમે HMRC ની આ વેબસાઈટ જોઈ શકો છો www.hmrc.gov.uk. [www.hmrc.gov.uk/incometax/tax-free-interest.htm]

જો તમે ઊચ્ચ દરનો ટેક્સ ભરતાં હો, તો તમારી બચત અથવા રોકાણોમાંથી થતી આવક પર તમારે વધારાનો ટેક્સ ભરવાનો રહેશે. આ તમારે તમારા ટેક્સ રીટર્નમાં લખવાનું રહેશે.

તમે નિવૃત્ત થાવ ત્યારે જો તમારી આવક ઘટી જાય, તો તમે કદાચ ટેક્સ રીબેટ (વળતર) મેળવવા માટે હકદાર બની શકો.

ટેક્સ અને પેન્શનો વિશે વધારે માહિતી HMRC ની આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે www.hmrc.gov.uk. [http://www.hmrc.gov.uk/pensioners/pension.htm]

Copyright © 2002-2007 Citizens Advice All rights reserved



Registered charity no: 279057 Company no: 1436945 England